# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-11-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-આર્ટિકલ લેબર:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું, સરકારના નવા શ્રમ સુધારા ભવિષ્ય માટે તૈયાર અર્થતંત્ર, અનુપાલનને સરળ બનાવવા, મહિલા કામદારોને સશક્તિકરણ અને વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં દેશની સ્થિતિ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાના લેખને શેર કરતા, શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિશ્વ એક વિશ્વસનીય વૈશ્વિક ભાગીદાર તરીકે ભારતના ઉદયને સ્વીકારે છે.**

----------------------------------------------------------------------------------------------

## CM-જામનગર ખાતમુહૂર્ત:

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરેક શહેરના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. જામનગરમાં 622 કરોડ રૂપિયાથી વધુના 69 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી પટેલે કહ્યું, ગત ત્રણ દિવસમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં એક હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયા.**

----------------------------------------------------------------------------------------------

## પોલીસ સ્પેશિયલ ડ્રાઈવ:

**રાજ્યમાં ગત 30 વર્ષમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં સંકળાયેલા 31 હજાર 834 જેટલા આરોપીની ચકાસણી કરવામાં આવી. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે કહ્યું, રાજ્ય પોલીસે**

વિશેષ ઝૂંબેશ હેઠળ **100** કલાકમાં ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનો **30** વર્ષનો રેકર્ડ તપાસી તેમની હાલની પ્રવૃત્તિ અને નોકરી સહિતની વિગતની ખરાઈ કરી. હવે, બીજા તબક્કામાં રાજ્ય બહારના આરોપીઓની ચકાસણી કરી તેમના વિસ્તૃત દસ્તાવેજ એટલે કે, ડૉઝિયર તૈયાર કરવા પણ માનક સંચાલન પ્રક્રિયા – **SOP** તૈયાર કરી સઘન કાર્યવાહી કરાશે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની **30** તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **128-**મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર **1800-11-7800** પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા **MYGOV** ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. આ ઉપરાંત **1922** નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – **SMS**ના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય સ્વીકારવાનો છેલ્લો દિવસ **28** નવેમ્બર રહેશે.

---

## TRAI છેતરપિંડી:

ભારતીય ટેલિકોમ નિયમનકારી સત્તામંડળ-**TRAI** એ છેલ્લા એક વર્ષમાં **21** લાખથી વધુ છેતરપિંડીવાળા મોબાઈલ નંબરો અને સ્પામ અને છેતરપિંડીવાળા સંદેશાઓ મોકલવામાં સામેલ એક લાખ સંસ્થાઓ સામે કાર્યવાહી કરી છે. નાગરિકોની ફરિયાદોના જવાબમાં ટ્રાઇએ આ પગલું ભર્યું છે.

સંચાર મંત્રાલયે કહ્યું, આ દર્શાવે છે કે દેશભરમાં ટેલિકોમના દુરુપયોગને રોકવા માટે વપરાશકર્તાઓ દ્વારા સામૂહિક રિપોર્ટિંગ મહત્વપૂર્ણ છે. **TRAI** એ નાગરિકોને **TRAI DND** એપ દ્વારા સ્પામ કોલ અને **SMS** ની જાણ કરવા વિનંતી કરી છે.

---

## ભુજનો સ્થાપના દિન:

કચ્છના પાટનગર ભુજના 478માં સ્થાપના દિનની આજે ઉજવણી થઈ રહી છે. ઇસ્વિસન 1605 માગશર સુદ પાંચમના દિને કચ્છના રાજવી ખેંગારજીના સમયમાં નગરની સ્થાપના થઈ હોવાનું માનવામાં આવે છે. ભુજની સ્થાપના સૂચવતી દરબારગઢમાં જ્યાં ખીલી  ખોડવામાં આવી છે, એ ખીલી પૂજન સાથે ઉજવણીનો આરંભ થશે. બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજા.શે ભુજના પાંચ નાકા, છઠીબારી અને રિલોકેશન  સાઇટમાં આસોપાલવના તોરણ  બંધાશે. આજરોજ સવારે નગરપાલિકના ઉપાધ્યક્ષ દ્વારા ખીલીપુજન કરવામાં આવશે, જેમાં ઉપસ્થિત રવા નાગરિકોને અનુરોધ કરાયો.

---

## ભોજાય સર્વોદય ટ્રસ્ટ:

ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા 35માં મેગા તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.ટ્રસ્ટ દ્વારા દર વર્ષે નવેમ્બર-ડિસેમ્બર મહિના દરમ્યાન 12 વિવિધ મેડીકલ ફકલ્ટીઓ આવરી લેતા મેગા મેડીકલ કેમ્પ યોજે છે.આ મેગા મેડીકલ કેમ્પમાં આંખની 78,કાન-નાક,ગળાની 11 શસ્ત્રક્રિયા કરાઈ હતી.આ કેમ્પમાં દર્દીઓને તપાસ,નિદાન દવાઓ,સારવાર,ઓપરેશનની સેવાઓ નિ:શુલ્ક આપવામાં આવે છે.

---

## ઠંડીનું  જોર:

રાજ્યમાં આગામી દિવસો ખુબજ ઠંડા રહેશે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. દિશા બદલતા  ભેજનું પ્રમાણ ઘટવાથી  ઠંડીનું જોર વધી શકે તેવી શક્યતા છે. રાજ્યમાં નલિયા 11.6 ડિગ્રી તાપમાન સાથે  સૌથી ઠંડુ શહેર રહ્યુ છે.

---

# વિમાની સેવાઓના સમયમાં ફેર ફાર:

**ભુજ એરપોર્ટસના રનવેના સમારકામને લઈને એર ઈન્ડીયાની બપોર બાદની તમામ વિમાની સેવાઓના સમયમાં ફેરફાર કરી સવારના ભાગે કરી દેવાયા છે.26 નવેમ્બર થી 3 ડીસેમ્બર સુધીનું વિવિધ વિમાની સેવાઓનું નવુ ટાઈમ ટેબલ જાહેર કરાયુ છે.**

**------------------------------------------------------------------------------------------**